

(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

# ધાનેરા પંથકમાં ખુલ્લેઆમ લીલા વૃક્ષોનું નિકંદન

## વન વિભાગના સ્થાનિક અધિકારી અને કર્મચારીઓની બેન્સાવાળા સાથે સાંઠગાંઠ

ધાનેરા, તા. ૧૫

બનાસકાંઠા જિલ્લાના સરહદી ધાનેરા પંથક સહીત જિલ્લાભરમાં ઘણા સમયથી ખુલ્લેઆમ લીલા વૃક્ષોના વન વિભાગના ભ્રષ્ટ અધિકારી-કર્મચારીઓની મિલીભગતથી કત્લેઆમ થઈ રહી છે.

તાજેતરમાં ડીસા ખાતે કલેક્ટરશ્રી દિલીપ રાણાએ તમામ રેવન્યુ, મહેસુલ, વન વિભાગના તમામ સ્ટાફ સાથે તાકીદની મીટીંગ કરી વૃક્ષનારાયણને ખતમ કરવા મેદાને પડેલા જિલ્લાના ગેરકાયદેસર બેન્સાવાળા અન્ય લોકો કે જે વન અધિ. કર્મ.ને હપ્તા આપી વૃક્ષોની કત્લેઆમ કરે છે. તેમની સામે લાલ આંખ કરી પગલા ભરવાનો આદેશ છોડતા આ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારા ધ્રુજી ઉઠ્યા હતા.

ધાનેરા પંથકમાં કલેક્ટર રાણાના આદેશને સરેઆમ વન વિભાગ-રેવન્યુ -મહેસુલ અધિકારીઓ-કર્મચારીઓ કચરા ટોપલીને હવાલે કર્યો હોય તેમ દરરોજ મોડી રાત્રે વહેલી પરોઢ સુધી અને ઘણી જગ્યાએ ધોળે દહાડે ૪૦ થી ૮૦ ટ્રેક્ટરો ભરી લીલા વૃક્ષોના થડ-ડાળા ભરી ભરી બેન્સાઓમાં ઠલવાઈ રહ્યા છે. ત્યારે ડી.એફ.ઓ. અને કલેક્ટર આ ધાનેરામાં ચાલતી વૃક્ષ છેદન વૃત્ત ક્યારે બંધ કરાવશે તેમ પ્રજા ઈચ્છી રહી છે.

# મોડાસાની બંધ પોલીસ ચોકીઓ અંગે રજુઆત

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લા તથા મોડાસા શહેરના ધનસુરા રોડ બાયપાસ ધોબી ઠાળ તથા શહીદ ચોકમાં પોલીસ તરફથી ૧ ૨ જેટલી પોલીસ ચોકીઓ બનાવાઈ છે. છેલ્લા કેટલાય સમયથી આ ચોકીઓને ખંભાતી તાળા લાગ્યા હોય આ ચોકીઓ સોભાના ગાંઠીયા સમાન બની ગઈ છે. બીજી તરફ અકસ્માત તથા ચીલ ઝડપના બનાવો વધી રહ્યા છે ત્યારે પોલીસ દ્વારા બનાવેલ ચોકીઓ કાર્યરત થાય તેવી અરવલ્લીની જનતામાં માંગ ઉઠી છે.

અરવલ્લી જિલ્લાના મોડાસામાંથી પસાર થતો શામળાજી ગોધરા હાઈવે ઉપર વારંવાર અકસ્માતો થાય છે. અકસ્માતના સમયે લોકોને તાત્કાલિક પોલીસ સહાય મળે તે હેતુસર બાયપાસ ઉપર પોલીસ ચોકી બનાવાઈ છે, પરંતુ તેના ઉદ્‌ઘાટન બાદ આ ચોકી શોભાના ગાંઠીયા સમાન બની ગઈ છે. એવી જ દશા મોડાસાના ધનસુરા રોડ ઉપર કોલેજ ચોકીની છે અને એ જ પ્રમાણે શહીદ ચોક તથા ધોબી ઠાળ પોલીસ ચોકીની પણ છે. કોલેજ રોડની પોલીસ ચોકીનું તાળુ ક્યારે પણ ખુલતુ જ નથી અને શહેરમાં ચોરી હોય કે પછી ચીલ ઝડપનો બનાવ હોય આ ચોકીઓ બંધ રહેતી હોવાથી ગુનેગારો નાસવામાં સફળ રહે છે, જ્યારે આ ચોકીઓ શહેરના પ્રવેશદ્વારો પર આવેલી છે જેથી લોકોમાં માંગ ઉઠી છે કે આ ચોકીઓ ઝડપી શરૂ કરાય.

અરવલ્લી તથા મોડાસાની તમામ બોર્ડર ઉપર તથા સંવેદનશીલ વિસ્તારોમાં લોક ભાગીદારીથી ૧ ૨ જેટલી પોલીસ ચોકીઓ બનાવવામાં આવી છે અને આ ચોકીના ઉદ્દેશ્ય હતા કે લોકોને મુશ્કેલી સમયે પોલીસની ઝડપી મદદ મળે પરંતુ મોડાસાની આ તમામ ચોકીઓ ઉપર કોઈ પણ પોલીસ કે હોમગાર્ડ જવાન દેખાતા નથી જેથી આ ચોકીઓ સુમસામ બની છે અને લોકો અસુરક્ષિત મહેસુસ કરી રહ્યા છે જેથી જનતા માગ કરી રહી છે કે આ તમામ ચોકીઓ કાર્યરત કરવામાં આવે.

જિલ્લામાં અણબનાવો ઘણા બનતા હોય છે જેની સામે જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં સ્ટાફ ઓછો હોવાનું પોલીસ કેમેરા સામે ગાણુ ગાઈ રહી છે અને કેમેરા સામે જિલ્લા પોલીસ વડા તથા ટાઉન પીઆઈ કંઈ પણ કહેવાનો ઈન્કાર કરી રહી છે. ત્યારે જિલ્લામાં પોલીસ જ લોકોને સહાય નહી કરે તો લોકો મુશ્કેલીના સમયે કોની પડખે જશે જેથી પોલીસ દ્વારા સ્ટાફની અછત પુરી કરી આ ચોકીઓ ઝડપી કાર્યરત થાય તે દિશામાં કામ તવુ જોઈએ આ ચોકીઓ ચાલુ કરવા માટે મોડાસાવાસીઓએ પોલીસને મૌખીક રજુઆત તથા આવેદન પણ આપ્યા છે. પરંતુ પોલીસ આ બાબત ધ્યાનમાં લેતી નથી જેથી આ મામલે મીડીયાએ પુછેલા પ્રશ્નમાં રાજ્યના ગૃહમંત્રીએ કંઈ આવો જવાબ આપ્યો હતો.

ક્રાઈમ દિવસે ને દિવસે વધી રહ્યો હોવા છતાં પોલીસ ઉઘમા હોય તેમ આ પોલીસ ચોકીઓ તૈયાર હોવા છતાં કાર્યરત નથી કરાતી તે પ્રશ્ન લોકોને સતાવી રહ્યો છે. હાલ તો લોકો આ ચોકીઓ શરૂ થાય તેવી કાગડોળે રાહ જોઈને બેઠા છે. હવે લોકોની સુખાકારી માટે આ પોલીસ ચોકીઓ ક્યારે શરૂ કરાય છે તે જોવાનું રહ્યું.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)





(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

# મોડાસા-મેઘરજ બાયપાસ રોડ પર સર્કલ બનાવવાની વાત ફાઈલોમાં અટવાઈ

## જનતાને હથેળીમાં ચાંદ બતાવાતાં મોડાસાના પ્રજાજનોમાં રોષ

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં મોડાસા શહેરમાં વાહનોની અવર-જવર વધી જવાથી અકસ્માતની ઘટના છાશવારે બનતી રહે છે. મોડાસા-સાયરા મેઘરજ ચોકડી પર અકસ્માત હવે એક રોજિંદી ઘટના બની ગઈ હોવા છતાં ધીમી પડે તે માટે લોકો વર્ષોથી સર્કલ બનાવવાની માંગ કરી રહ્યા છે. થોડાક જ દિવસ પહેલા આવા જ એક સર્જાયેલા અકસ્માતમાં એક આશાસ્પદ યુવાને જીવ ગુમાવ્યો હતો. આ અકસ્માત એટલો ભયંકર હતો કે યુવાનના શરીરના ફુરચે-ફુરચા સપ્તાહથી પણ વધુ સમય વિતી ગયો હોવા છતાં બાયપાસ રોડ પર સર્કલ બનાવી ક્રોસિંગને સલામત નહિ બનાવતાં મોડાસાના પ્રજાજનોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. અને લોકોએ ફરીથી આ બાયપાસ પર સર્કલ બનાવવાની જગ્યાએ રસ્તો ખોદીને હાઈવે ઉપર



(તસવીર : જય અમીન, મોડાસા)

હાઈવે ઓથોરેટી કે વહીવટીતંત્ર દ્વારા બાયપાસ પર સર્કલ ન બનાવતાં લોકો ભયના ઓથાર હેઠળ આ ચોકડી પરથી પસાર થઈ રહ્યા છે.

મોડાસાના સાયરા-મેઘરજ તરફ જતા બાયપાસ માર્ગ પર યોગ્ય સર્કલના અભાવે ક્રોસિંગ કરતા વાહન ચાલકોને શામળાજી અને માલપુર તરફથી બેફામ ગતિ હંકારીને આવતા ટ્રકચાલકો અને અન્ય ચાલકો વારંવાર અડફેટે લઈ અકસ્માત સર્જી રહ્યા હોવાથી આવા વાહનચાલકોની ગતિ નીકળી ગયા હતા. આ અકસ્માતના પગલે મોડાસાના સ્થાનિકોએ આખાયે હાઈવે પર ઉમટી પડી ચક્કાજામ કરી પોતાનો રોષ ઠાલવી અને કલાકો સુધી વાહન વ્યવહાર થંભાવી દીધો હતો. આ ચક્કાજામના કારણે હાઈવે ઓથોરેટી વહીવટીતંત્ર અને પોલીસતંત્રના અધિકારી દોડી આવ્યા હતા અને પ્રજાજનોને બાયપાસ રોડ પર સર્કલ બનાવી ક્રોસિંગને સલામત બનાવવાની જવાબદારી લેતા લોકોએ રોડને પૂર્વરત કર્યા હતો. પરંતુ આજે આવતો જતો ટ્રાફીક રોકી ફરી ચક્કાજામ કરવાનુ વિચારી રહ્યા છે. મોડાસા બાયપાસ માર્ગ નજીક યાદગાર બ્યુટિ પાર્લરના માલિક જયેશ વાળંદના જણાવ્યા અનુસાર અહીંથી પસાર થતા જીપચાલકો મુશાફરો ભરીને માર્ગ ક્રોસ કરતા હોવાથી જો વહીવટીતંત્ર દ્વારા ઝડપથી સર્કલ નહિ બનાવવામાં આવે તો સમુહમાં કેટલાયે માણસોએ જીવ ખોવાનો વાપો આવશે, સાથે મોટા અકસ્માતની દુર્ઘટના ઘટવાની શક્યતા પણ રહેલી છે.

# ધાનેરા કૉલેજમાં ડ્રાઈવિંગ લાયસન્સ કેમ્પ અંગે સેમીનાર યોજાયો

ધાનેરા, તા. ૧૫

ધાનેરા શહેરમાં આવેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ મુકામે તા. ૧૩-૨-૧૫ના રોજ કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે માર્ગ સલામતી અને ડ્રાઈવિંગ લાયસન્સ અંગે માર્ગદર્શન સેમીનાર યોજાયો હતો. પાલનપુર આર.ટી.ઓ. કચેરીએ શનિવારના દિવસે ખાસ કિસ્સામાં વિદ્યાર્થીઓ માટે આર.ટી.ઓ. કચેરી ચાલુ રખાવી આજ દિન સુધી ૯ કેમ્પોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં અંદાજે ૫૫૦૦થી વધારે વિદ્યાર્થીઓને આનો લાભ આપવામાં આવેલ છે. ત્યારબાદ ગ્રામીણ વિસ્તારનાં વિદ્યાર્થીઓને પણ લાભ આપવાના હેતુથી ધાનેરા મુકામે આજે માહિતી સેમીનાર યોજાયો હતો. જેમાં અંદાજે ૧૫૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

કૉલેજ કેમ્પસમાં આ વિદ્યાર્થીઓમાં સર્વે કરતા માત્ર ૨ વિદ્યાર્થીઓ ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા હતા. લાયસન્સ કેમ્પના આયોજક હરેશ ચૌધરીએ વિદ્યાર્થીઓને લાયસન્સ ન લેવાનું કારણ પૂછતા એમને જણાવેલ કે અમને લાયસન્સ કઈ રીતે કઢાવવું એની માહિતી જ નથી. પાલનપુર આર.ટી.ઓ. કચેરીએ આ સર્વે વિદ્યાર્થીઓને ડ્રાઈવીંગ લાયસન્સ કેમ્પનો લાભ આપી જરૂરી પરીક્ષા આપી વાહન ચલાવવાનો પરવાનો મેળવશે. વિદ્યાર્થીઓને પાલનપુર આવવા જવાની પણ વ્યવસ્થા કરવામાં આવશે. શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓને જેટલો લાભ મળે છે એટલો જ લાભ ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓને મળે એ વાતને ધ્યાનમાં લઈ આગામી સમયમાં ગામડાની શાળા - કૉલેજના વિદ્યાર્થીને ડ્રાઈવીંગ લાયસન્સ કેમ્પનો લાભ આપવામાં આવશે.

આ કેમ્પમાં પાલનપુર પ્રાંત ઓફિસર અને આર.ટી.ઓ. ઈન્ચાર્જ જે. બી. દેસાઈ, ડ્રાઈવીંગ લાયસન્સ કેમ્પના આયોજક હરેશ ચૌધરી, આરટીઓ ઈન્સ્પેક્ટર રાણા, સંસ્થાના પ્રમુખ ભગવાનભાઈ પટેલ, જિલ્લા ભાજપના ઉપપ્રમુખ વસંતભાઈ પુરોહિત, અનિલભાઈ દરજી અને જબ્બરસિંહ રાજપૂત હાજર રહ્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



## ગટરના બોદા કામમાં ટ્રક ફસાઈ

બનાસકાંઠાના સરહદી વિસ્તાર ધાનેરામાં અનેક વિકાસ કાર્યો ચાલી રહ્યાં છે. જો કે સરકારી કાર્યોમાં ગુણવત્તાનો અભાવ છે. આ કાર્યો પાછળ ભ્રષ્ટાચારની શંકા ઉપજાવે તેવો હોય છે. તાજેતરમાં એક સીમેન્ટ ભરેલી ટ્રકના ટાયરો ભૂગર્ભ ગટરના કામ પત્યા બાદ કરાયેલા પૂરણમાં ઉતરી ગયા હતા. (ભરત પરમાર, ધાનેરા)

# પાલનપુરમાં ટ્રેનની અડફેટે મહિલાનું મોત

પાલનપુર, તા. ૧૫

પાલનપુર શહેરમાં લક્ષ્મીપુરા ફાટક પાસે આજરોજ બપોરે અજમેર અમદાવાદ ટ્રેનની અડફેટે એક મહિલાનું મોત નિપજ્યું હતું.

પાલનપુરમાં લક્ષ્મીપુરા ખાતે રહેતા અને મૂળ રાજસ્થાનના વતની અબુબેન વીરમાભાઈ મીણા આજરોજ બપોરના સુમારે લક્ષ્મીપુરા પાસે ફાટક નજીકથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન અજમેરથી અમદાવાદ ઈન્ટરસિટી ટ્રેનની ટક્કરે તેઓનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. ઘટનાને પગલે રેલવે પોલીસ દોડી આવી હતી અને મૃતદેહને પી.એમ. અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજની દિકરી ડૉ. ક્રિના દિક્ષા લઈ કલ્યાણકારી પ્રવજ્યા પંથે

પ્રાંતિજ, તા. ૧૫

પ્રાંતિજના ઈતિહાસમાં પહેલીવાર જૈન શ્વેતાંબર દિકરી કલ્યાણકારી પ્રવજ્યા પંથે જઈ રહી છે. સંસારના તુચ્છ અને ક્ષણિક સુખોને ત્યજી શાશ્વત અને અનંત સુખોની સાથે ભક્તિમય જીવન તરફ જઈ રહી છે. પ્રાંતિજ નગરમાં દિક્ષાના કાર્યક્રમમાં જૈન સમાજ સહિત માનવ મહેરામણ ઉમટી રહ્યું છે.

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા દિપકભાઈ શાહની પુત્રી ડૉ. ક્રિનાકુમારી દિક્ષા ગ્રહણ કરનાર છે. આ કાર્યક્રમને લઈ છેલ્લા ૪ દિવસથી વિવિધ પ્રસંગોની ઉજવણી કરવામાં આવી રહી છે. જૈન ધર્મોના ગુરુઓ દ્વારા આધ્યાત્મિક વ્યાખ્યાનો તેમજ આશીર્વચન આપી રહ્યા છે. આથી ભક્તિમય વાતાવરણ સર્જાઈ રહ્યું છે. પ્રાંતિજ ખાતે દિક્ષા લઈ રહેલ પ્રાંતિજ જૈન શ્વેતાંબર સમાજની પ્રથમ પુત્રી છે. ડૉ. ક્રિનાકુમારી દ્વારા દિક્ષા લઈ ધર્મના માર્ગે જઈ રહી છે. પરિણામે દિક્ષા ગ્રહણ કરનાર મુમુક્ષુ રત્ના ચિ. ડૉ. ક્રિનાકુમારીની શોભાયાત્રા પણ યોજાશે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧


# સાબરકાંઠા જિલ્લામાં ત્રણ બાઈક અને એક મારુતિની ચોરી

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર, ઈડર અને -ાંતિજ ત્રણ તાલુકામાં ત્રણ બાઈકો અને એક મારુતિ ચોરી થતા શુક્રવારે રાત્રે ફરિયાદ નોધાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે હિમતનગર શહેરમાં આવેલી કચ્છી સોસાયટીમાં નવ દિવસ પહેલા ૬ ફેબ્રુઆરીની રાત્રીના રહેતા નરોત્તમભાઈ ભગવાનભાઈ પટેલ અને પાડોશમાં રહેતા નરેન્દ્રભાઈ પટેલ એમ બે જણા ની ઘરની આગળ પાર્ક કરેલ બે બાઈકોની ચોરી થઈ ગઈ હતી જેની શોધખોળ કરી હતી પરંતુ કોઈ પત્તો ના લગતા હિમતનગર એ-ડીવીઝન પોલીસ મથકે ભગવાનભાઈ પટેલે ફરિયાદ નોધાવી હતી. જયારે ૨૦ દિવસ પહેલા ઈડરની શ્રીનગર સોસાયટીમાં રહેતા અરુણભાઈ રમેશભાઈ શાહની બાઈક ૨૫ મી જાનુઆરીની રાત્રી ના સમયે ઈડરની સી.આર.એમ.હોટલ આગળ પાર્ક કરેલ જે કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ જે અંગેની ફરિયાદ અરુણભાઈ શાહે ઈડર પોલીસ મથકે નોધાવી હતી અને તત્રીજી વાહન ચોરી -ાંતિજના દલપુર ગામે સાત દિવસ પહેલા ૮ મી ફેબ્રુઆરીના રોજ ઘર આગળ પાર્ક કરેલ મારુતિની ચોરી થઈ હતી જેમાં ગાંધીનગરના માણસામાં રહેતા મનીષકુમાર ભોગીલાલ મોદી જે તેમના સસરાના ઘરે ૮ મી ફેબ્રુઆરીએ મારુતિ લઈ આવ્યા હતા અને ઘર આગળ પાર્ક કરી દરમિયાન રાત્રીના સમયે કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ જતા -ાંતિજ પોલીસ મથકે મનીષકુમાર મોદીએ ફરિયાદ નોધાવી હતી.